<u>જાહેરનામું</u>

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૮/૨૦૨૨ તા.૮/૯/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આવતીકાલ તા.૯/૯/૨૦૨૨ ના રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે આમજનતા વચ્ચે વાહનોની અવર–જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ :–

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૯/૯/૨૦૨૨ નાં રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે તમામ પ્રકારના વાહનો (શ્રી ગણેશ વિસર્જન પ્રોસેશન સિવાયના) બપોર કલાક ૧૩.૦૦ વાગ્યાથી નીચે મુજબ પ્રતિબંધિત કરેલ માર્ગ/વિસ્તારના રસ્તા પર અવર–જવર કરી શકશે નહી પરંતુ તેની સામે જણાવેલ વૈકલ્પિક રુટ પરથી અવર–જવર કરી શકાશે.

| અનં. | વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ ઉપર થઇ સરદારબ્રીજ થઇ પાલડી તરફ આવ–જા કરી શકાશે નહી. | એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ નીચે (ચાર રસ્તા) થી ડાબી બાજુ બહેરામપુરાથી દાણિલીમડા ચાર રસ્તા થઇ જમણીબાજુ વળી આંબેડકરબ્રીજ થઇ અંજલી ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા થઇ આશ્રમ રોડ ઉપર આવ–જા કરી શકાશે. |
| ૨. | એસ.ટી. ગીતામંદીર થી રાયપુર ચાર રસ્તા થઇ સારંગપુર સર્કલથી રેલ્વે સ્ટેશનથી કાલુપુર ઇનગેટ તરફ આવ–જા કરી શકાશે નહી. | એસ.ટી.થી ભુલાભાઇ ચાર રસ્તા થી કાંકરીયા ચોકી થઇ અપ્સરા સિનેમા ચાર રસ્તા થઇ ઝઘડિયા ઓવરબ્રિજ થઇ અનુપમ સિનેમા થઇ ગોમતીપુર રેલ્વે કોલોની થઇ કાળીદાસ ચાર રસ્તા થઇ સરસપુર આંબેડકર હોલ થઇ કાલુપુર બ્રીજ થઇ રેલ્વે સ્ટેશન ઇનગેટ તથા નરોડા તરફ આવ–જા કરી શકાશે. |
| ૩. | રેલ્વે સ્ટેશનથી સારંગપુર સર્કલ થઇ કાગડાપીઠથી રાયપુર ચાર રસ્તાથી આસ્ટોડીયા દરવાજાથી ખમાસા ચાર રસ્તાથી વિક્ટોરીયા ગાર્ડનથી એલીસબ્રીજ થી ટાઉનહોલ સર્કલ સુધી આવ–જા કરી શકાશે નહી. | રેલ્વે સ્ટેશન થઇ કાલુપુર સર્કલ થઇ કાલુપુર બ્રીજ થઇ આંબેડકર હોલ થઇ માણેકલાલ મિલ થઇ કાળીદાસ ચાર રસ્તા થઇ ગોમતીપુર રેલ્વે કોલોની થઇ અનુપમ સિનેમા થઇ ગાયત્રી ડેરી થઇ ઝઘડિયાબ્રિજ થઇ અપ્સરા સિનેમા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી બી.આર.ટી.એસ. રૂટ થઇ દાણિલીમડા ચાર રસ્તાથી સીધા આંબેડકર બ્રીજ થઇ અંજલી સર્કલથી પાલડી થઇ આશ્રમ રોડ ઉપર આવ–જા કરી શકાશે. |
| ૪. | **<u>રિવરફ્રન્ટનો પશ્ચિમ માર્ગ :</u>** વાડજ સ્મશાન ગૃહ કટથી શરુ થતો પશ્ચિમનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રીવરફ્રન્ટ જતો–આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | **<u>વૈકલ્પિક માર્ગ : (આશ્રમ રોડ)</u>** વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઇન્કમટેક્ષ ઓવર બ્રીજ મધ્ય ભાગ થઇ બાટા શો રૂમ ચાર રસ્તા થઇ ડિલાઇટ ચાર રસ્તા થઇ નહેરુબ્રીજ ચાર રસ્તા થઇ ટાઉન હોલ |

| | | |
|---|---|---|
| | | ચાર રસ્તા થઇ પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઇ અંજલી ઓવર બ્રીજ મધ્ય ભાગ થઇ અવર જવર કરી શકાશે. |
| ૫. | **રિવરફ્રન્ટનો પુર્વ માર્ગ :** પીકનીક હાઉસ રિવરફ્રન્ટથી શરુ થતો પુર્વનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રીવરફ્રન્ટ જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | ડફનાળા ચાર રસ્તા થઇ શાહીબાગ અંડરબ્રીજ થઇ નમસ્તે સર્કલ થઇ દિલ્હી દરવાજા થઇ મિરઝાપુર રોડ થઇ વીજળીઘર તેમજ લાલ દરવાજા રોડનો અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

## -: જાહેરનામાની અમલવારીની તારીખ અને સમય :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૯/૯/૨૦૨૨ ના બપોર કલાક ૧૩.૦૦ થી શ્રી ગણેશ વિસર્જન પુર્ણ ન થાય ત્યાં સુધી** જરૂરીયાત મુજબ પોલીસ દ્વારા અમલવારી કરાવવામાં આવે ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૮/૯/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

**તા.૮/૯/૨૦૨૨**
**અમદાવાદ શહેર**

**( સંજય શ્રીવાસ્તવ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ,અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ.......................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)